અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. B–17, નવરંગપુરા, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં. ૧૫૦૯૫/૨૦૨૪</u>**

**આંક.. ૬**

**<u>ફરીયાદીઃ–</u>** શ્રી સરકાર

વિરૂઘ્ધ

**<u>આરોપીઃ–</u>** નિલેશ જસુભાઇ રાવલ

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – 188 તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ભયજનક રીતે નો–પાર્કીંગ ઝોનમાં ઉભી રાખી/પાર્ક કરી ઈ. પી. કો. કલમ – 188 તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂઘ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 188 તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ.100/– (અંકે રૂપિયા એક સો પુરા)** નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. 22/06/2024

અમદાવાદ

**(એમ.એસ.સુતરીયા)**

ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,

અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા

UIC CODE NO. GJ00846